હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

વડીલ, તમને તો ખબર છે, આપણે ત્રીજા મોરચાના છીએ, તમારે એ ખાતરી આપવી પડે કે તમારા કુટુંબમાં કોઈ ચોર નથી કોઈ ચોકીદાર પણ નથી તો પછી જ અમે તમને ટિકિટ ફાળવી શકીએ...

ગાંધીનગર કલેક્ટર કચેરી સંકુલ પોલીસ છાવણીમાં ફેરવાયું

ગાંધીનગર, તા.૨૯

લોકસભાની ચુંટણીના પડઘમ વાગી ચુંક્યા છે. ઉમેદવારી પત્ર ભરવાનો પ્રારંભ થઈ ગયો છે. ત્યારે ગાંધીનગર લોકસભા બેઠક માટે શનિવારના રોજ સવારે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ અમદાવાદ પોતાના નિવાસ સ્થાનેથી ભવ્ય રેલી સ્વરુપે ગાંધીનગર કલેકટર કચેરી ખાતે ઉમેદવારી પત્ર ભરવા માટે આવવાના છે. આ રેલીમાં હજ્જારો કાર્યકરો પણ અમદાવાદ થી ગાંધીનગર તેઓની સાથે જોડાશે. ત્યારે તેઓની સાથે કેન્દ્રીય ગૃહ મંત્રી રાજનાથ સિંહ પણ ઉપસ્થિત રહેવાના છે. બંન્ને રાષ્ટ્રીય રાજનેતાઓ ઝેડ પ્લસ સિક્યુરીટી ધરાવતા હોવાથી આજે એનએસજી ના અધિકારીઓએ કલેકટર કચેરીની મુલાકાત લીધી હતી. તેઓએ સુરક્ષાની દ્રષ્ટ્રિએ કલેકટર કચેરીનું ઉપરથી નીચે સુધી ચકાસણી કરી હતી. જયારે શનિવારના રોજ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહ હજ્જારો કાર્યકરો સાથે લોકસભા બેઠક માટે

ઉમેદવારી નોંધાવવા માટે આવતા હોવાથી ગાંધીનગરમાં પણ તડામાર તૈયારીઓ ચાલી રહી છે, અને ભાજપના કાર્યકરોમાં અનેરો આનંદ છવાયો છે. ત્યારે સલામતી અને સુરક્ષાને લઈ પોલીસ દ્વારા પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.

જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાના સુપરવિઝનમાં પાંચ ડીવાયએસપી, ૧૦ પીઆઈ, ૨૫ પીએસઆઈ, ૩૦૦ પોલીસ જવાનો, બીડીએસની ટીમ, એસઆરપી કંપની રોડથી લઈને કલેકટર કચેરી સુધી ખડેપગે રહેશે. ત્યારે બંન્ને નેતાઓની સુરક્ષા અને સલામતીને જોતા શનિવારના રોજ પત્રકારોને પણ કલેકટર કચેરી ખાતે ઉપર જવા દેવામાં આવશે નહી.

સાદી ગુજરાતી થાળીનો ભાવ ૮૦ તો સ્વીટ સાથે ૧૭૦ + સર્વિસ ટેક્ષ નિયત કરાયા

ચૂંટણી ખર્ચ અંગે તંત્ર દ્વારા શેડો રજીસ્ટર તૈયાર કરી દેવાયુ ખુરશી પ્લાસ્ટીકનું એક નંગનું ભાડું રૂ. ૧૦ નિયત કરાયું

ગાંધીનગર, તા.૨૯

રાજકીય પક્ષના કાર્યકરોને પ્રચાર અભિયાન દરમ્યાન ઉમેદવાર દ્વારા જે ગુજરાતી ભોજન અપાશે તેની કિંમત રૂ. ૮૦ નક્કી કરાઈ છે.

ઉમેદવારના ચૂંટણી ખર્ચ પર નજર રાખવા માટે તંત્ર દ્વારા જે શેડો રજીસ્ટર તૈયાર કરવામાં આવ્યું છે તેમાં ગુજરાતી થાળી (સાદી)નો ભાવ રૂ. ૮૦ તો સ્વીટ સાથેની થાળીનો ભાવ રૂ. ૧૭૦ + સર્વિસ ચાર્જ નિયત કરવામાં આવ્યો છે.



પ્રચાર અભિયાનમાં ખુરશી પ્લાસ્ટીકનું ભાડું રૂ. ૧૦ એક ખુરશીનું નિયત કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ટુ સીટર સોફા સ્ટીલની રેલીંગ વાળાના રૂ. ૩૦૦ અને ત્રણ સીટર સોફા સ્ટીલની રેલીંગ વાળાના રૂ. ૩૫૦ નિયત કરવામાં આવ્યા છે.

તંત્ર દ્વારા જે શેડો રજીસ્ટર તૈયાર કરવામાં આવ્યું છે તેમાં સભામંડપ, સભામંડપના ગેટ સહિત ૨૦૦થી પણ વધુ જુદી જુદી વસ્તુઓના ભાવ નિયત કરવામાં આવ્યા છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ચાના એક કપના રૂ. ૧૨ નિયત કરવામાં આવ્યા છે તો દૂધના એક કપના રૂ. ૧૫ નિયત કરવામાં આવ્યા છે. વીઆઈપી ખુરશીનું ભાડુ પણ રૂ. ૨૫૦ નિયત કરવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે.

ઉમેદવાર દ્વારા થતા ખર્ચ પર નિયંત્રણ રાખવા તંત્ર તેની બાજ નજર રાખવાનું છે. ઉમેદવારે તેના હિસાબો મતદાન પૂર્વે ત્રણ વખત રજુ કરવાના છે. ઉમેદવારના ખર્ચની મર્યાદા રૂ. ૭૦ લાખ એક સંસદીય મત વિસ્તાર માટે નિયત કરવામાં આવેલી છે.

આ શેડો રજીસ્ટર તંત્ર રાજકીય પક્ષો સાથે પરામર્શ કર્યા બાદ આખરી કરતું હોય છે.

ખર્ચ માટે પંચ દ્વારા અલાયદા નિરીક્ષકની પણ દરેક સંસદીય મત વિસ્તાર માટે નિમણુંક કરે છે. ગાંધીનગર સંસદીય મત વિસ્તાર માટે બે નિરીક્ષકો નિયુકત કરાયા છે અને આ બંને નિરીક્ષકો ગાંધીનગર આવી પહોંચ્યા છે જે ઉલ્લેખનીય છે.

આજે ગાંધીનગરમાં રાષ્ટ્રીય નેતા અમિત શાહ ઉમેદવારી માટે આવતા હેલ્થની બે ટીમો સ્ટેન્ડ ટુ રહેશે

સિવિલ ખાતે બેઝ હોસ્પિટલ ઉભી કરાશે, જેમાં તમામ વિભાગના એચઓડી હાજર રહેશે

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર લોકસભા બેઠક માટે શનિવારના રોજ સવારે અમદાવાદથી રેલી સ્વરુપે ભાજપના રાષ્ટ્રીય નેતા અમિત શાહ ઉમેદવારી નોંધાવવા માટે આવવાના હોવાથી જિલ્લાનું સમગ્ર તંત્ર હરકતમાં આવી ગયું છે. ત્યારે રાષ્ટ્રીય નેતા અમિત શાહ અને કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથ સિંહને ઝેડ પ્લસ સિક્યુરીટી હોવાથી પ્રોટોકોલને પગલે સિવિલ તંત્ર દ્વારા પણ આરોગ્યલક્ષી વિવિધ ટીમો બનાવી દેવામાં આવી છે. જેમાં એક ટીમ કલેકટર કચેરી ખાતે હાજર રહેશે તો બીજી ટીમ સત્યાગ્રહ છાવણી ખાતે ઉપસ્થિત રહેશે. જયારે ત્રીજી ટીમ વૈષ્ણોદેવી સર્કલથી તેમના તેમના કાફલામાં તૈનાત રાખવામાં આવશે.

આ ટીમમાં મેડીકલ ઓફિસર અને તમામ જરુરી દવાઓ, ઈન્જેકશન સહિતની સાધન સામગ્રી રાખવામાં આવશે. જયારે બંન્ને રાષ્ટ્રીય નેતાઓના પ્રોટોકોલને પગલે ગાંધીનગર સિવિલ તંત્ર દ્વારા ત્રણ ટીમ ઉપરાંત સિવિલ હોસ્પિટલ ખાતે બેઝ હોસ્પિટલ ઉભી કરવામાં આવી છે. જેમાં તમામ વિભાગના એચઓડીને હાજર રાખવામાં આવશે. તેઓ ગાંધીનગર હદમાં પ્રવેશ કરશે અને પરત અમદાવાદ જશે ત્યાં સુધી તમામ ડોક્ટર સિવિલ કેમ્પસ ખાતે બેઝ હોસ્પિટલમાં તૈનાત રાખવામાં આવશે. જયારે ગાંધીનગર લોકસભા બેઠક માટે ઉમેદવારી નોંધાવવા માટે આવતા હોવાથી હજ્જારો કાર્યકરો પણ તેમની સાથે આવવાના છે જેને પગલે સિવિલ તંત્ર દ્વારા આરોગ્યલક્ષી સેવાઓને લઈ સંપૂર્ણ તૈયારીઓ કરી દેવામાં આવી છે.

એલસીબી અને ડભોડા પોલીસે દારુનો જંગી જથ્થો ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા.૨૯

રાજસ્થાન થી અમદાવાદ તરફ આવતી ટ્રકને ચંદ્રાલા આગમન

હોટલ પાસેથી પકડી પાડી વિદેશી દારુની બોટલો નંગ-૩૦૮૪ કિ.રૂ.૧૨,૩૩,૬૦૦ તેમજ રોકડ, ટ્રક મળી કુલ રૂ. ૨૩,૩૫,૨૦૦ નો મુદ્દામાલ સાથે એક ઈસમને ગાંધીનગર એલસીબીની ટીમે પકડી પાડ્યો છે, જયારે બીજા બનાવમાં ડભોડા પોલીસે રણાસણ ગામમાં જવાના માર્ગ નજીકથી પીકઅપ ડાલામાંથી શાકભાજીની નીચેથી બોટલ નંગ-૬૨૪ કિ. ૨,૪૯,૬૦૦ તેમજ પીકઅપ ડાલુ કિ. ૪ લાખ મળીને કુલ રૂ.૬,૪૯,૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી બંન્ને પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ એલસીબી પીએસઆઈ વાય.જે.રાઠોડ અને તેમની ટીમના સભ્યો લોકસભાની ચુંટણી અંતર્ગત જરુરી તકેદારી સાથે નાઈટ પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન ટીમમાં સાથે રહેલા હે.કો. મહેન્દ્રસિંહ વિષ્ણુસિંહ અને પો.કો. વિપુલ રામભાઈને ખાનગી રાહે બાતમી મળી હતી કે ટ્રક નં. જી.જે.૧૮.એક્સ-૯૨૦૧ વિદેશી દારુ ભરીને ખેરવાડા રાજસ્થાનથી નીકળ્યો છે અને ચિલોડા થઈ પસાર થવાનો છે. જેને પગલે એલસીબી પોલીસે વોચ ગોઠવી ચંદ્રાલા આગમન હોટલ પાસે પકડી પાડી

હતી. પોલીસે ટ્રક ચાલકનું નામ પુછતા તેણે દિપક લલીભાઈ જોશી રહે.બસ્સી ગામ બસ સ્ટેન્ડ પાસે તા.સલુમ્બર જી. ઉદેપુર રાજસ્થાન હોવાનું જણાવ્યું હતું. પોલીસે ટ્રકમાં તપાસ કરતા વિદેશી દારુની બોટલ નંગ.૩૦૮૪ કિ. ૧૨,૩૩,૬૦૦, તેમજ ટ્રક ડ્રાઈવર પાસેથી રોકડ રૂ.૧૧૦૦, મોબાઈલ કિ. ૫૦૦ અને ટ્રકની કિં.૧૦,૦૦,૫૦૦ મળી કુલ રૂ.૨૨,૩૫,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આરોપીઓ વિરુધ્ધ ચિલોડા પોલીસ મથકમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી છે.જયારે આગળની તપાસ એલસીબી પીએસઆઈ વાય.જે.રાઠોડ ચલાવી રહ્યા છે.

જયારે બીજા બનાવમાં ડભોડા પોલીસ મથકના પીએસઆઈ બી.આર.રાઠોડ ની ટીમ શુક્રવારના પેટ્રોલીંગમાં હતી. ત્યારે હે.કો.વિશાલસિંહને બાતમી મળી હતી કે એક મહિન્દ્રા પીકઅપ ડાલા નં.જી.જે.૦૯.એ.વી.-૭૫૩૭ માં વિદેશી દારુ ભરીને ચિલોડા થઈ અમદાવાદ જવાનુ છે. જેને પગલે પોલીસે રણાસણ ગામના પાટીયા પાસે વોચ ગોઠવી હતી . ત્યારે પોલીસને જોઈને ડાલા ચાલક ડાલુ મુકીને ફરાર થઈ ગયો હતો. પોલીસે ડાલુ ચેક કરતા શાકભાજી ભરેલી હતી. જો કે તેના નીચેથી વિદેશી દારુની બોટલ નંગ.૬૨૪ મળી આવી હતી. જેની કિં.૨,૪૯, ૬૦૦ અને રૂ. ૪ લાખની કિંમતનુ પીકઅપ ડાલુ મળી કુલ રૂ. ૬,૪૯,૬૦૦ ની કિંમતનો મુદ્દામાલ પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે પીકઅપ ડાલના નંબરના આધારે ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સરકારી કાર્યક્રમોમાં બસોની ફાળવણીના અંતે નિગમને હજુ ૧૪ લાખ ચુકવાયા નથી

છેલ્લા બે વર્ષ દરમિયાન વિવિધ કાર્યક્રમો અન્વેય ડેપો દ્વારા બસોની ફાળવણી કરવામાં આવી હતી

ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા લગ્ન વર્ધિ સહીત સરકારી કાર્યક્રમો માટે પણ એસ ટી ની બસો ફાળવવામાં આવે છે. જેના લીધે એસ ટી નિગમને પણ આવક વધુ થાય પરંતુ છેલ્લા બે વર્ષ દરમિયાન વિવિધ સ્થળોએ યોજાયેલા સરકારી કાર્યક્રમો માટે ફાળવવામાં આવેલી એસ ટી બસો અન્વયે સરકારી તંત્ર દ્વારા અંદાજિત રૂ ૧૪ લાખનુ ભાડુ ચુકવવામાં આવ્યુ નથી.

ગાંધીનગર ડેપો દ્વારા વર્ષ દરમિયાન અનેક વિધ ધાર્મિક કાર્યક્રમો તેમજ લગ્નવર્ધી માટે પણ બસો ફાળવવામાં આવે છે. આ ઉપરાંત સરકારી કાર્યક્રમો માટે પણ માંગ મુજબ એસ ટી તંત્ર દ્વારા બસોની ફાળવણી કરવામાં આવે છે. સરકારી કાર્યક્રમોમાં ભીડ એકઠી કરવા માટે પણ એસ ટી બસો દાડાવામાં આવે છે. કાર્યક્રમની અનિવાર્યતાને ધ્યાને લઈ બસોની ફાળવણી કરવામાં આવતી હોય છે. જિલ્લામાં યોજાયેલા સરકારી કાર્યક્રમો અન્વયે ૧૫૦ થી વધુ બસોની માંગણી કરવામાં આવી હતી. જયારે સરકાર દ્વારા આ માટે નિગમને ભાડાની રકમ પણ ચુકવવામાં આવે છે. જિલ્લાના વિવિધ ડેપોને વર્ષ ૨૦૧૭ દરમિયાન પાંચ તેમજ વર્ષ ૨૦૧૮ દરમિયાન બે કાર્યક્રમોને અનુલક્ષી બસોની ફાળવણી કરવામાં આવી હતી. જે અન્વયે નિગમને વર્ષ ૨૦૧૭નુ રૂ ૧૪.૩૫ લાખનુ ભાડુ હજુ ચુકવવાનુ બાકી છે. જયારે અન્ય સરકારી કાર્યક્રમો અન્વયે નિગમને અંદાજિત રૂ ૩૬ લાખ રૂપિયા પણ ચુકવી દેવાયા છે.

એપ્રિલ માસના બીજા અઠવાડિયામાં ગરમી વધશે

ગાંધીનગર, તા. ૨૯

જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યુ છે કે આગામી દિવસોમાં ધીમે ધીમે ગરમી વધશે. એપ્રિલના બીજા અઠવાડિયામાં આકરી ગરમી પડી શકે છે.

હાલમાં માર્ચ માસના અંતિમ દિવસોમાં ગરમી વધી રહી છે. ત્યારે આવનાર એપ્રિલ માસમાં પણ આકરી ગરમી સાથે હવામાન પલ્ટાના યોગો રહેશે. વળી તારીખ ૨૦ એપ્રિલ બાદ ગ્રીષ્મકાલિન સૂર્યમાં ધૂળકટ ચઢે, વંટોળ ફૂંકાય અને હવામાનમાં પલ્ટા આવે. વૈશાખ માસમાં પણ ધૂળભરી આંધીઓ આવવાની શક્યતા રહે છે. મે-જૂનમાં દહન નાડીના ગ્રહોના લીધે સખ્ત ગરમી પડવાની શક્યતા રહે છે. માર્ચના અંતિમ દિવસોમાં પવન રહે, ગરમી રહે અને સામાન્ય વાદળો આવે. તા. ૪ થી ૭માં પશ્ચિમી વિક્ષોભની અસર તળે પવન ફૂંકાય, વાદળો આવે અને દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં હીમવર્ષાની શક્યતા રહે. વળી ઉત્તરના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદની શક્યતા રહે. પલ્ટાતુ હવામાન છેક રાજસ્થાન, કચ્છના ભાગોમાં પણ રહે. તા. ૮-૯-૧૦માં ગરમી પડે અને ગરમીનો આંક રાજ્યના કેટલાક ભાગોમાં ૪૨ ડિગ્રી સે. થી પણ વધી શકે. ઉત્તર ગુજરાતના ભાગો, મધ્ય ગુજરાતના ભાગો અને કચ્છના ભાગોમાં ગરમી રહે. દક્ષિણ ગુજરાતના ભાગોમાં પણ મહત્તમ ઉષ્ણતામાન રાજ્યના કેટલાક ભાગોની સરખામણીમાં ઓછુ હોવા છતાં ગરમી રહે. પ. વિક્ષોભની અસર પુનઃ તારીખ ૧૨મી એપ્રિલથી આવવાની શક્યતા રહે. જેની અસર તળે પશ્ચિમ ભાગોમાં વાદળોની શક્યતા રહે. તા. ૨૦ એપ્રિલ પછી ગરમી વધે અને વચ્ચે વચ્ચે હવામાનમાં પલ્ટા આવતા પવન પણ રહે. વળી આ વખતે ઉનાળાના મુખમાં આવતો તહેવાર હોળીના પવનનું નિરીક્ષણ કરતા પવન ઉત્તર પશ્ચિમ અને વાયવ્યનો રહેતા પ્રાચિન વર્ષા વિજ્ઞાન પ્રમાણે વાયુચક્ર બરાબર છે. અખાત્રીજનો પવન અને અષાઢ મહિનાનો પવન અને ભેજ જાણવા અંગેના પ્રયોગ પછી વર્ષનું મુલ્યાંકન થઈ શકે. દનિયા તપવા જોઈએ. હાલમાં અલનીનોની શક્યતા છે ત્યારે વર્ષ નબળુ આવવાની શક્યતા જણાતી નથી. અલનીનોના વરસમાં પણ સારા વરસાદ થયેલ છે. વર્ષા ગર્ભની પુષ્ટિ, સુર્ય-ચંદ્રની ગતિવિધિ સઘળી બાબતો ધ્યાનમાં રાખવી ઘટે. આગામી ચોમાસામાં જૂન માસમાં પણ ગરમી રહે. સુર્ય-મંગળ યોગના કારણે કોઈ ભાગમાં ભારે તો કોઈમાં ઓછો વરસાદની શક્યતા રહે. ૨૫ મે થી જૂનની શરૂઆતમાં આંધી વંટોળ સાથે વરસાદની શક્યતા રહે.

વિસનગરા નાગર પરિવાર ૨૬માં પાટોત્સવની ઉજવણી કરશે

પાટોત્સવ અન્વયે આગામી ૧૮ એપ્રિલે હાટકેશદાદાની ભવ્ય શોભાયાત્રા નીકળશે

વિસનગરા નાગર પરિવાર દ્વારા ૨૬મો પાટોત્સવ તા. ૧૮ એપ્રિલના રોજ સે. ૧૭ સ્થિત નર્મદેશ્વર મહાદેવ ખાતે ઉજવાશે. આ નિમિત્તે સાંજે ૫ વાગ્યે હાટકેશદાદાની શોભાયાત્રા સે. ૧૭ સ્થિત નર્મદેશ્વર મહાદેવથી પ્રસ્થાન કરી ૧૭/૨૨ શોપીંગ સેન્ટર થઈ નર્મદેશ્વર મંદિર પરત આવશે. પાટોત્સવ નિમિત્તે સે. ૧૭ સ્થિત નર્મદેશ્વર મહાદેવ ખાતે રૂદ્રાભિષેક બપોરે ૧૨ થી ૩ કલાક દરમિયાન યોજાશે અને સામાન્ય સભા સાંજે ૪.૩૦ કલાકે મળશે.

સંસ્થાના અગ્રણી અને શોભાયાત્રાના આયોજક મયંકભાઈ દવે, ધર્મેન્દ્રભાઈ રાવલ અને ગજાનનભાઈ મહેતાના જણાવ્યા મુજબ દરેક સભ્યએ પીતાંબર પહેરી શોભાયાત્રામાં જોડાવવું. હાટકેશ દાદાની પધરામણી કરવા ઈચ્છતા સભ્યોએ તા. ૧૩ એપ્રિલ સુધીમાં રૂ. ૨૫૧ ભરી નામ નોંધાવવા. દાદાની પધરામણીનો કાર્યક્રમ તા. ૧૮ એપ્રિલના રોજ સવારે ૭ વાગ્યાથી શરૂ થશે અને સભ્યોની સંખ્યા અનુસાર પૂર્ણ કરવામાં આવશે. નામ નોંધાવવા માટે તથા ભોજન પાસ મેળવવા માટે ડૉ. પ્રમોદચંદ્ર મહેતા ફોન નં. ૨૩૨-૪૩૨૪૬, મહેશભાઈ રાવલ - ૨૩૨-૩૩૦૬૭, કૌશિકભાઈ રાવલ - ૨૩૨-૮૮૪૪૮, ભગવતીપ્રસાદ રાવલ - ૨૩૨-૩૦૩૮૨ નો સંપર્ક કરવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

દલિત વિદ્યાર્થી પર અત્યાચારના મામલે રજુઆત

ગાંધીનગર, તા. ૨૯

મહેસાણાના રહેવાસી ધિણોજ ગામે દલિત વિદ્યાર્થી મીત ચાવડા બોર્ડની પરીક્ષા આપવા જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં તેમનું અપહરણ કરવામાં આવ્યું હતું. આ ઘટનાને ડેમોક્રેટીક પીપલ્સ અસોસિએશન દ્વારા વખોડવામાં આવી છે. ગુજરાત તથા રાજ્ય માનવ અધિકાર આયોગને કાયદા મુજબ પગલા લેવા રજુઆત કરવામાં આવી છે.

મહેસાણામાં રહેતા મીત ચાવડા કે જે બોર્ડની પરીક્ષા આપવા જઈ રહ્યા હતા અને ત્યાંજ રમેશ પટેલ તથા અન્ય બે ઈસમોએ તેને સતત માર માર્યો અને ઝાડ સાથે તેને બાંધી દીધો હતો. આ દરમ્યાન તેઓ બેભાન થઈ જતા પરીક્ષા આપવા જઈ શક્યા નથી. ડેમોક્રેટિક પીપલ્સ અસોસિએશનના જણાવ્યા મુજબ સંસ્થા આ વિદ્યાર્થી પર થયેલ અમાનુષી અત્યાચારને વખોડી કાઢે છે અને ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગને કાયદા મુજબ પગલા લેવા આવેદન આપે છે.

ઈસનપુર મોટા ખાતે નેત્ર નિદાન કેમ્પ યોજાયો

ચિલોડા, તા. ૨૯

તાલુકાના ઈસનપુર મોટા સ્થિત અંકલેશ્વર મહાદેવ મંદિરના હોલમાં વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન અને આશિર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટના સહયોગથી ૨૭મી માર્ચ બુધવારના રોજ ફ્રી આંખના રોગનું ચેકઅપ તથા મોતીયાનું ઓપેરનશ અંગે નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં ગામના કુલ ૮૭ દર્દીઓએ તેમજ ૬ મોતીયાના દર્દીઓએ વિશેષ લાભ લીધો હતો. આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટ અને ઉમિયા ફાઉન્ડેશન દ્વારા યોજાયેલ કેમ્પમાં ગ્રામજનોઅને આસપાસના નાગરિકોએ ભારે પ્રતિસાદ આપ્યો હતો.

...પથારીવશ વૃદ્ધ માતા માટે દિવ્યાંગ દિકરાએ "એરકુલર" બનાવ્યું..!!

પાણીની બાલ્ટી, દવાખાનાના પાટાપીંડીના પાટા અને પ્લાસ્ટિકની નળીઓનો ઉપયોગ કરી અનોખું એરકુલર બનાવ્યું : ૨૪ કલાકના ઉપયોગ સામે માત્ર રૂ. ૨ની વીજખપત કરતુ એસી-ડીસી બંને પ્રકારના વીજપ્રવાહનો ઉપયોગથી બનેલુ વિશ્વનું પ્રથમ એરકુલર હોવાનો દાવો

ગાંધીનગર, તા. ૨૯

આ વર્ષે ઉનાળો અત્યંત કપરો સાબિત થવાનો છે તેના એંધાણ અત્યારથી જ પ્રાપ્ત થઈ રહ્યાં છે અને શહેરમાં તાપમાનનો પારો સટાસટ ઉપર ચઢવા લાગ્યો છે. સોશ્યલ મિડિયા પર જીવદયાપ્રેમીઓ આગામી ઉનાળામાં અબોલ જીવો તરસથી ટળવળીને મોતને ના ભેટે તે માટે પક્ષી પરબોની વ્યવસ્થા કરવા ગુહાર લગાવી રહ્યાં છે. પશુ-પક્ષી તો ઠીક માનવીની હાલત પણ કાળઝાળ ગરમીમાં કફોડી થઈ જતી હોય છે જેમાં ખાસ કરીને વયોવૃદ્ધ વડીલો અને ખુલ્લામાં શારિરીક શ્રમ કરવા મજબુર શ્રમજીવીઓનો સમાવેશ થાય છે. આ સ્થિતિમાં શહેરના સેક્ટર-૨૭માં રહેતા એક દિવ્યાંગ યુવાને પોતાની પથારીવશ વૃદ્ધ માતાના સ્વાસ્થ્યની સંભાળ માટે પોતાની જાતે અનોખુ "એરકુલર" બનાવ્યું છે. જે ખૂબ ઓછી વિજળી ખપત સાથે ગરમ હવાને ઠંડી કરી શકે છે.

સેક્ટર-૨૭માં રહેતા દિવ્યાંગ ધર્મેન્દ્ર વૈષ્ણવ પોતે ઈલેટ્રોનિક્સ સરકીટ બનાવવામાં નિપુણતા ધરાવે છે અને અગાઉ પણ તેઓ આ ક્ષેત્રે અનોખા સંશોધન કરી ચુક્યાં છે. તેઓ પોતાનું આખુ ઘર, ત્રીપગી સાઈકલ વગેરે સોલાર એનર્જીના ઉપયોગથી ચલાવે છે અને તે માટેની તમામ સરકીટ્સ તેમણે

જાતે બનાવી છે. તેમના માતૃશ્રી ૮૯ વર્ષની ઉંમર ધરાવે છે અને છેલ્લાં કેટલાક વર્ષોથી વૃદ્ધાવસ્થાને કારણે તદ્દન પથારીવશ છે. પોતાની માતાને ઉનાળામાં ગરમીમાં તકલીફ ના પડજે તે હેતુથી ધર્મેન્દ્ર વૈષ્ણવે એરકુલરની જરૂર જણાઈ હતી પરંતુ તે બજારમાંથી ખરીદવું તેમને પોસાય તેમ નહોતુ એટલે તેમણે જાતે જ એરકુલર બનાવવાનો નિશ્ચય કર્યો હતો. આ એરકૂલર તેમણે પ્લાસ્ટિકની બાલ્ટી, થર્મોકોલ, દર્દીને દવાખાનામાં ચઢાવવાની ગ્લુકોઝની બોટલની પાઈપ, પ્લાસ્ટિકની નળીઓ, ઈજા પર બાંધવાના સફેદ કોટનના પાટા જેવી ચીજવસ્તુઓનો ઉપયોગ કરી બનાવ્યુ છે. આ એરકુલરની વિશેષતા એ છે કે તેમાં માત્ર ૧૦ વોટની બે એમ કુલ ૨૦ વોટનો ઉપયોગ કર્યો છે જેથી તેમાં વિજળીની ખપત અત્યંત ઓછી થાય છે. વળી, આ એરકુલર એસી અને ડીસી એમ બંને પ્રકારના વીજ પ્રવાહનો ઉપયોગ કરી ચાલતુ આ વિશ્વનું પ્રથમ એરકુલર હોવાનો તેમનો દાવો છે. એરકુલર માટેનું જંકશન બોક્સ સુધ્ધાં તેમણે જાતે બનાવ્યુ છે અને આ એરકુલર આખી રાત અને દિવસ મળીને ૨૪ કલાક ચાલે તો પણ માત્ર રૂ. ૨ જેટલું નજીવો વીજ વપરાશ થાય છે તેવો તેમનો દાવો છે.

એરકુલરને એર ફ્રેશનર તરીકે પણ વાપરી શકાશે

ધર્મેન્દ્ર વૈષ્ણવે ૧૦ વૉટની મોટર અને ૧૦ વૉટના પંખો મળીને કુલ ૨૦ વૉટનું એરકુલર બનાવ્યું છે જે ચાલુ હોય ત્યારે માત્ર ૧૦ વૉટ વીજળીનો જ ઉપયોગ કરે છે તેથી તેને ૨૪ કલાક સુધી ચલાવો છતાં માત્ર રૂ. ૨ જેટલુ નજીવું જ વીજબિલ આવે છે. વળી, આ એરકુલરને એરફ્રેશનર તરીકે પણ ઉપયોગ કરી શકાશે તેવો તેમનો દાવો છે. આ પ્રકારના એરકુલર ભવિષ્યમાં વધુ કેપેસીટીના તથા વ્યાપારિક ધોરણે પણ બનાવવાની તેમની તૈયારી છે.

માત્ર ૫ વોટની ખપત કરી ૫૦ વોટનો પ્રકાશ આપતી એલઈડી લાઈટ પણ બનાવી

ધર્મેન્દ્ર વૈષ્ણવે એક માત્ર ૫ વૉટ પર ચાલતી અને ૫૦ વૉટ સુધીનો પ્રકાશ આપતી એલઈડી લાઈટ પણ બનાવી છે. અંદાજે માત્ર રૂ. ૧૦૦ના ખર્ચમાં તૈયાર થયેલી આ એલઈડી લાઈટ પણ ૨૪ કલાક ચલાવતા રૂ. ૩ જેટલું જ નજીવી વીજ ખપત કરે છે. આ એલઈડી લાઈટ વિદ્યાર્થીઓ માટે તથા ગ્રામ્ય વિસ્તારમાં ખૂબ ઉપયોગી નિવડી શકે છે. સૌથી મહત્વની બાબત તો એ છે કે આ એલઈડી લાઈટનું આયુષ્ય જો રોજના ૮ કલાક ચલાવાય તો ૧૬ થી ૧૭ વર્ષનું રહેશે. કેમકે તે ૫૦ હજારથી માંડીને ૧ લાખ કલાક સુધી ચલાવી શકાશે તેવો તેમનો દાવો છે.